**લોકોના સ્વાસ્થય સાથે ચેડાં: શહેરમાં બોગસ ડોક્ટરોની ધમધમી રહેલી હાટડીઓ**

# પાંડેસરા- ડિંડોલીમાંથી 16 'મુન્નાભાઈ MBBS' પકડાયા

**આરોગ્ય વિભાગ ઘોર નિંદ્રામાં રહ્યું, આટલા મોટા પાયે બોગસ તબીબોની પ્રેક્ટિસ છતાં કોઈ તપાસ નહીં**

સુરતઃ શહેરમાં કેટલાય સમયથી લોકોનાં સ્વાસ્થય સાથે ચેડાં કરી રહેલા પાંડેસરા અને ડિંડોલીમાંથી 16 બોગસ ડોક્ટરોને એસઓજીએ પકડી પાડ્યા છે.

પોલીસ કમિશનરે શહેરમાં ડિગ્રી વગર પ્રેક્ટિસ કરી રહેલા ડોક્ટરોની સામે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. એસઓજી પીઆઈ એ.પી.ચૌધરી તથા એ.એસ.સોનારાની ટીમોએ ચેકીંગ હાથ ધરતા પાંડેસરા તથા ડિંડોલીમાંથી કુલ 17 અલગ અલગ સ્થળોએ બોગસ તબીબો દ્વારા ક્લિનિક ખોલી દેવાયાની માહિતી મળી હતી. દરેક જગ્યાએ ડમી પેશેન્ટ મોકલી ખરાઈ કરાઈ હતી. બાદમાં એસઓજીની ટીમોએ તથા જિલ્લા પંચાયત હેલ્થ વિભાગના અધિકારી દિલીપકુમાર બાબુભાઈ કોટક, ડૉ.મહેન્દ્રભાઈ, કરસનભાઈ પટેલ, ડો.કૌશીક રમણભાઈ મહેતા, કાજલબેન, એમ.મઢીકરને સાથે રાખી રેડ કરાઈ હતી. પીએસઆઈ એ.પી.જેબલીયા તથા આર.એમ.સોલંકીની ટીમ દ્વારા પાંડેસરા વિસ્તારમાં અલગ અલગ દવાખાનામાં રેડ કરી 9 બોગસ તબીબ પકડી પડાયા હતા. ક્લિનિકમાંથી દવાઓ, ઈંજેક્શન, સીરપ મળી કુલ ૬૧,૮૫૦ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. જ્યારે પીએસઆઈ આર.એસ. ભાટીયા તથા ડી.સી.વાઘેલાએ ડિંડોલીમાંથી 7 બોગસ તબીબો પકડી પાડ્યા હતા. ક્લિનિકમાંથી દવાઓ, ઈંજેક્શન, સીરપ મળી કુલ 1.73 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.



**લોકોની જિંદગી સાથે ચેડા કરનાર પાંડેસરાના આ છે બોગસ તબીબો**

(૧) સુશાંત બીરેન વિશ્વાસ (ઉ.વ.૪૪, રહે., આંગન રેસીડેન્સી,માધવ રેસીડેન્સી પાસે કરાડવા રોડ, ડીંડોલી તથા મુળ વેસ્ટ બંગાલ)
(૨) શ્યામનારાયણ યમનુપ્રસાદ ગુપ્તા (ઉ.વ.૫૧, રહે. શીવમ નગર સોસા., બમરોલી રોડ, પાંડેસરા તથા મુળ જોનપુર, યુ.પી.)
(૩) લખેન્દ્ર પરીક્ષણ રાય (ઉ.વ.૩૬, રહે. એસ.એમ.સી.આવાસ, ન્યુ સીટીલાઈટ રોડ આભવા તથા મુળ સીતામઢી, બિહાર)
(૪) બ્રીજભાન પલકધારી પાલ (ઉ.વ.૩૬, રહે. કમલપાર્ક સોસાયટી, બમરોલી રોડ તથા મુળ ભદોહી, યુ.પી.)
(૫) રવીશંકર ધનુષધારી બીંદ (ઉ.વ.૩૩, રહે. મહાદેવ નગર સોસા. બમરોલી રોડ પાંડેસરા તથા મુળ યુ.પી.)
(૬) આમીયાકુમાર નિબદનચંદ્ર પાલ (ઉ.વ.૪૫, રહે. વિનાયક નગર ગાંધીકુટીર બમરોલી રોડ તથા મુળ વેસ્ટ બંગાલ)
(૭) બબ્લુ રામઆશ્રય શુક્લા (ઉ.વ.૩૭, રહે. સાંઇપુજન રેસીડેન્સી ભેસ્તાન આવાસ સામે, ડિંડોલી તથા મુળ છત્રપુર, મધ્ય પ્રદેશ)
(૮) વિશ્વજીત રણજીત બાલા (ઉ.વ.૩૧, રહે. ભગવતીનગર બમરોલી રોડ તથા મુળ વેસ્ટ બંગાલ)
(૯) સંતોષકુમાર જયપ્રકાશ જયસ્વાલ (ઉ.વ.૩૭, રહે. મરાઠાનગર વિભાગ-૧ કૈલાશ ચોકડી પાંડેસરા તથા મુળ જોનપુર, યુ.પી.)

**ડિંડોલીમાંથી પકડાયેલા બોગસ તબીબની યાદી**

(૧) સંજય રામક્રિપાલ મૌર્ય (ઉ.વ.૪૪, રહે. શિવનગર સોસા. ડિંડોલી તથા મુળ પ્રતાપગઢ, ઉત્તરપ્રદેશ)
(૨) બિમલ ચક્રવર્તી (ઉ.વ.૪૬, રહે. લક્ષ્મીનારાયણ સોસા., વિભાગ-૦૧ ડિંડોલી તથા મુળ પશ્ચિમ બંગાળ)
(૩) મુકેશભાઈ શત્રુઘન શર્મા (ઉ.વ.૪૦, રહે. સાંઈમોહન સોસા., પાંડેસરા તથા મુળ ગયા, બિહાર)
(૪) રમણકુમાર વેદનાથ ઝા (ઉ.વ.૩૪, રહે. શિવ સાઈ શક્તિનગર સોસા., કરાડવા રોડ ડિંડોલી તથા મુળ બિહાર)
(૫) દિપકભાઈ સહદેવભાઈ બિસ્વા (ઉ.વ.૪૩, રહે. રઘુકુળનગર, નવાગામ તથા મુળ પશ્ચિમ બંગાળ)
(૬) હૃદયનારાયણ સુર્યબલી પટેલ (રહે. જિગ્નેશપાર્ક સોસાયટી ડિંડોલી તથા મુળ ઉત્તરપ્રદેશ)
(૭) વિશ્રામ ભીલા પાટીલ (ઉ.વ.૫૭, રહે. ન્યુ પ્રિયંકા ટાઉનશીપ, ડિંડોલી તથા મુળ નંદુરબાર, મહારાષ્ટ્ર)

**દવાખાનામાં પટાવાળા હતા, દવાની સમજણ પડવા માંડતા પોતે તબીબ બની બેઠાં હતા**

પકડાયેલા તમામ બોગસ તબીબોની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, પોતે પહેલા અલગ અલગ દવાખાનામાં પટાવાળાની નોકરી કરતા હતા. અને ત્યારબાદ તેઓને સામાન્ય દવામાં ખબર પડવા લાગતા દુકાનની જેમ પોતાનું ક્લિનિક ખોલીને ચાલુ કરી દીધા હતા. જેથી તમામની સામે પાંડેસરા અને ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# રાજકોટ કાંડ બાદ હવે ગેમઝોન માટે પોલીસનું લાઈસન્સ ફરજિયાત

**પોલીસ કમિશનર દ્વારા 63 પાનાનું જાહેરનામું બહાર પાડ્યું**

સુરતઃ પોલીસ કમિશનર દ્વારા શહેરમાં ગેમઝોન શરૂ કરવા માટે 63 પાનાનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. રાજકોટ અગ્નિકાંડ બાદ ગેમઝોન માટે પોલીસનું લાયસન્સ ફરજીયાત કરવામાં આવ્યું છે.

રાજકોટ ખાતે ગેમઝોનમાં બનેલી આગની દુર્ઘટનાએ સમગ્ર રાજ્યની હચમચાવી નાંખી હતી. 27 લોકોના મોતના આ અગ્નિકાંડ બાદ સમગ્ર રાજ્યમાં ગેમઝોન ઉપર પોલીસ અને ફાયર વિભાગે દરોડા પાડી સીલ કરવાની કામગીરી આરંભી હતી. ઘણા સમય પછી હવે ગેમઝોન શરૂ કરવા હોય તો તેના નિયમો અને નીતિ તૈયાર કરવામાં આવી છે. આ માટે ગઈકાલે સુરત પોલીસ કમિશનરે 63 પાનાનું જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં ગેમઝોન શરૂ કરવા પોલીસનું લાયસન્સ લેવું ફરજીયાત કરવામાં આવ્યું છે. રાજકોટ અગ્નિકાંડના જેવી દુર્ઘટના ન બને તે માટે જાહેરનામુ બહાર પડાયું છે. આ જાહેરનામાના નિયમોનું પાલન માલિકોએ કરવાનું રહેશે. લાઇસન્સ ધરાવનારે પણ નવેસરથી લાઇસન્સ લેવું પડશે. અલગ અલગ ગેમની અલગ પરમિશન લેવી પડશે. ઇન્સ્પેક્શન, લાઇસન્સ સહિતની પ્રક્રિયા કરવાની રહેશે.

**એમ્યુઝમેન્ટ રાઇડસ માટે 8 અને ગેમીંગ ઝોન માટે 55 કેટેગરીનો ઉલ્લેખ**

રાજ્ય સરકાર દ્વારા ગુજરાત એમ્યુઝમેન્ટ રાઈડ્સ એન્ડ ગેમીંગ ઝોન એક્ટિવિટીસ સેફ્ટી રૂલ-2024 બનાવવામાં આવ્યા છે. અને તે અંતર્ગત આ જાહેરનામું બહાર પાડ્યું છે. હવે પછી સુરત સિટી એમ્યુઝમેન્ટ રાઇડસ અને ગેમીંગઝોનના લાયસન્સ અને તેનું નિયંત્રણ કેવી રીતે ચલાવવું તે આ જાહેરનામા મુજબ ફોલો કરવાનું રહેશે. એમ્યુઝમેન્ટ રાઇડસ હાલ પુરતા 8 અલગ-અલગ કેટેગરીનો ઉલ્લેખ કરાયો છે. જ્યારે ગેમીંગ ઝોન એક્ટીવિટી માટે હાલ પુરતા 55 અલગ-અલગ કેટેગરીનો ઉલ્લેખ કરાયો છે.

**મંજુરી પહેલા આમાંથી પસાર થવું પડશે**

ટેકનિકલ સ્પેસીફિકેશનનું કડકાઇ પણે પાલન થાય છે કે કેમ ? તે માટે ક્વોલીફાઇડ ટેકનિકલ માણસની નિમણુંક કરવાની રહેશે. જેની પાસે સિવિલ મેકેનીકલ કે ઇલેક્ટ્રીકલ ડીગ્રી હોવી જોઇએ. આના સિવાય સિટી રાઇડ સેફ્ટી અને ઇન્સ્પેક્શન કમિટીની જોગવાઇ કરવામાં આવી છે. તમામ એપ્લીકેશન એપ્રુવ કરતા પહેલા કમિટીનું એપ્રુવલ જરૂરી બની રહેશે. લાયસન્સ મળવા અંગે અલગ અલગ એન.ઓ.સી.ની જરૂર રહેશે.

**સંચાલક- માલિક ઉપર વિશેષ જવાબદારી**

આ રૂલ્સમાં સંચાલક અને માલિક ઉપર ક્વોલિફાઇડ માણસની નિમણુંક, દરરોજ સેફ્ટી ચેક, રેકર્ડની જાળવણી સહિતની વિશેષ જવાબદારીઓ ફરજિયાત કરવામાં આવી છે. આ રૂલ્સમાં સિટી રાઇડ સેફ્ટી અને ઇન્સ્પેકશન કમિટીએ પણ ૦૬ (છ) મહીનામાં એક વાર ફરજિયાત ઇન્સ્પેકશન કરવાની જોગવાઇ છે. લાયસન્સ પ્રથમ વાર ઇશ્યુ કરતી વખતે ૦૩(ત્રણ) વર્ષની વેલિડિટી રહેશે. અને ત્યારબાદ દર ૦૨(બે) વર્ષે રિન્યુ કરાવવાનું રહેશે. આ રૂલ્સમાં ઇન્શ્યોરન્સની પણ જોગવાઇ કરવામાં આવી છે. થર્ડ પાર્ટી ઇન્શ્યોરન્સની જોગવાઇ પણ કરવામાં આવી છે. જેમાં મૃત્યુ અને કાયમી અપંગતાના કિસ્સામાં ૧૦(દસ) લાખ સહાયની જોગવાઇ કરવામાં આવી છે.

**નવા ગેમ ઝોનના નિયમોની હાઈલાઈટ**

- એમ્યુઝમેન્ટ રાઈડ માટે પહેલીથી પરવાનગી લેવી પડશે
- ફાયર સેફ્ટી, બિલ્ડિંગ યુઝ, સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સંદર્ભે એનઓસી લેવાનું રહેશે
- સિટી રાઈડ સેફ્ટી એન્ડ ઈન્સ્પેક્શન કમિટીની રચના
- મંજૂરી પ્રમાણે જ ગેમ ઝોનમાં રાઈડ ઈન્સ્ટોલ કરવાની રહેશે
- મંજૂર કરેલી રાઈડમાં ફેરફાર દેખાશે તો રાઈડની મંજૂરી રદ્દ કરી શકાશે
- રાઈડના સુપરવિઝન માટે ખાસ સુપરવાઈઝરની નિમણુંક કરવાની રહેશે
- લાઈસન્સ વગર ત્રણ માસથી વધુ એમ્યુઝમેન્ટ પાર્કમાં રાઈડ ચાલુ રાખી શકાશે નહીં
- સિટી રાઈડ સેફ્ટી કમિટીએ એમ્યુઝમેન્ટ પાર્કની રાઈડનું ઈન્સ્પેક્શન કરવું પડશે
- કમિટીએ દર ત્રણ માસે કરવાનું રહેશે ઈન્સ્પેક્શન
- કમિટી દ્વારા રિપોર્ટ કરી લાઈસન્સિંગ ઓથોરિટીને રીપોર્ટ સોંપવાનો રહેશે
- અકસ્માત થતા રાઈડની સેવાઓ બંધ કરવાની રહેશે
- બંધ સેવાઓ લાઈસન્સ મેળવ્યા બાદ જ શરૂ થઈ શકશે
- એમ્યુઝમેન્ટ પાર્ક માટે ફરજીયાત વીમો લેવો પડશે
- અકસ્માતમાં મૃત્યુના કિસ્સામાં રૂપિયા 10 સહાયનો વીમો લેવો પડશે.
- અકસ્માતમાં સરવાર માટે રૂપિયા 7.5 લાખથી લઈ 2 લાખની સારવાર માટે વીમો લેવો પડશે
- સીસીટીવી સાથે એક માસના ફૂટેજ રાખવા પડશે
- પાર્કિંગ, ટિકિટ બૂકિંગ કાઉન્ટરની વ્યવસ્થાઓ જાળવવાની રહેશે
- પબ્લિક કોમ્યુનિકેશન સિસ્ટમ રાખવી ફરજીયાત રહેશે
- રાઈડ ચલાવતા લોકોને પબ્લિક કોમ્યુન્કેશન સીસ્ટમ ચલાવવી ફરજિયાત રહેશે
- રાઈડ શરૂ થતા પહેલા ઓપરેટરે તેની સુરક્ષા અંગે ચકાસણી કરવાની રહેશે

**પોલીસના વાહનો ગમે ત્યારે કોર્ટમાં પ્રવેશી જતાં અને...**

## બપોરે 12 વાગ્યા પછી વકીલોના ફોર વ્હીલરને કોર્ટ કમ્પાઉન્ડમાં પ્રવેશવા નહીં દેવાતા વકીલો વિફર્યા

**વકીલોના રોષને પગલે બપોર 12 વાગ્યા બાદ પોલીસનું એક પણ વાહન કોર્ટ કમ્પાઉન્ડમાં નહીં પ્રવેશ્યું**

**એસીપી-ડીસીપીએ પણ કોર્ટ બહાર વાહન મૂકીને ચાલતા કોર્ટમાં આવવું પડ્યું, કોર્ટ બહાર પોલીસના વાહનોના કારણે ટ્રાફિકજામ**

સુરતઃ આજ રોજ કોર્ટ કમ્પાઉન્ડમાં વકીલો વિફર્યા હતા. વકીલોને બપોરે 12 વાગ્યા બાદ કોર્ટ કમ્પાઉન્ડમાં કાર લાવવાની મનાઈ છે જ્યારે પોલીસવાળાઓ ગમે ત્યારે કોર્ટમાં વાહન લાવે છે. કેટલાક પોલીસવાળાઓ તો સિવિલ ડ્રેસમાં ખાનગી વાહન પણ મેઈન બિલ્ડિંગ સુધી લઈ જાય છે. જેથી વકીલો વિફરતા તાત્કાલિક પોલીસના વાહનો પણ 12 વાગ્યા બાદ કોર્ટ કમ્પાઉન્ડમાં પ્રવેશવા દેવામાં આવ્યા ન હતા.

અઠવા લાઈન્સ રોડ પર સુરત જિલ્લા કોર્ટ બિલ્ડિંગમાં પર્યાપ્ત જગ્યા ન હોવાના કારણે કોર્ટ કમ્પાઉન્ડમાં વાહનો તો ઠીક વકીલોના ટેબલ મૂકવા માટે પણ પુરતી જગ્યા નથી. અધુરામાં છેલ્લા કેટલાક દિવસથી વકીલોને બપોરે 12 વાગ્યા બાદ કોર્ટ કમ્પાઉન્ડમાં કાર લાવવાની મનાઈ કરાઈ છે. તેના કારણે 80 વર્ષ સુધીના સિનિયર વકીલો બપોર બાદ આવે તો તેમને બહાર કાર મૂકીને ચાલતા-ચાલતા કોર્ટમાં આવવું પડે છે. તેનાથી બિલકુલ વિપરીત પોલીસવાળાઓ ગમે ત્યારે કોર્ટ કમ્પાઉન્ડમાં વાહનો લઈને આવે છે. તે પણ મુખ્ય બિલ્ડિંગના ગેટ સુધી. તેથી આજ રોજ વકીલો વિફર્યા હતા. વકીલોએ પોલીસના વાહનોનો વિરોધ કર્યો હતો. તેથી કોર્ટ તંત્રએ આ બાબતે પોલીસ અધિકારીઓ સાથે વાત કર્યા બાદ પોલીસના વાહનોને પણ બપોરે 12 વાગ્યા પછી કોર્ટ કમ્પાઉન્ડમાં પ્રવેશવા દેવાયા ન હતા. આરોપીઓને લઈને આવતા વાહનો પણ કોર્ટ બહાર મૂકીને આરોપીઓને પણ ચાલતા-ચાલતા કોર્ટ કમ્પાઉન્ડમાંથી આવવું પડ્યું હતું. એટલું જ નહીં એસીપી અને ડીસીપી જેવા અધિકારીઓએ પણ કોર્ટ કમ્પાઉન્ડ બહાર તેમના વાહન પાર્ક કરીને કોર્ટમાં આવ્યા હતા. તેના કારણે કોર્ટ કમ્પાઉન્ડ બહાર ટ્રાફિક જામ થયો હતો.

આ બાબતે વકીલ મંડળના પ્રમુખ ઉદયભાઈ પટેલે જણાવ્યું હતું કે વકીલો કોર્ટનો સ્તંભ છે. ત્યારે વકીલોને જ 12 વાગ્યા પછી વાહનો સાથે કોર્ટ કમ્પાઉન્ડમાં નહીં પ્રવેશવા દેવાય તે યોગ્ય નથી, તો પછી પોલીસવાળા કેવી રીતે આવી શકે? આગામી દિવસમાં ડિસ્ટ્રીક્ટ જજ સાથે મિટિંગ કરીને રજુઆત કરાશે.

## ભેસ્તાનમાં પાણી ભરેલી ડોલમાં ડૂબી જતાં દોઢ વર્ષની બાળકીનું મોત

**બપોરે માતા સાથે સૂતેલી બાળકી ઊઠીને બાથરૂમમાં પાણીથી ભરેલી ડોલ પાસે પહોંચી ગઈ હતી**



સુરતઃ ભેસ્તાનમાં દોઢ વર્ષની બાળકીનું પાણીથી ભરેલી ડોલમાં ડૂબી જતાં મોત નિપજ્યું હતું. .

મૂળ બિહારના વતની ધર્મેન્દ્રભાઈ લખનદેવ શાહુ હાલ ભેસ્તાન વિસ્તારમાં આવેલા એસએમસી આવાસમાં પત્ની સરીતા તેમજ બે સંતાન સાથે રહે છે. ધર્મેન્દ્રભાઈ બાટલીબોય ખાતે કાપડના ખાતામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. મંગળવારે ધર્મેન્દ્રભાઈ નોકરી ઉપર જતાં રહ્યાં હતાં. ત્યારબાદ બપોરે પત્ની સરીતા, પુત્ર અભી અને દોઢ વર્ષની પુત્રી દિવ્યાકુમારી ઘરમાં જમીને ઊંઘી ગયા હતા. દરમિયાન 3:30 વાગ્યાનાં અરસામાં સરીતાની આંખ ખુલી હતી. ત્યારે બાજુમાં સુતેલી દીકરી દિવ્યાકુમારી નહીં દેખાતા હાંફળી ફાંફળી માતાએ શોધખોળ હાથ ધરી તો બાળકી બાથરૂમમાં પાણીથી ભરેલી ડોલમાં બેભાન મળી આવી હતી. જેથી સરિતાએ પતિને ફોન કરી ઘરે બોલાવ્યો હતો અને 108 મારફતે સિવિલમાં લઈ આવતાં ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી.

**લ્યો... મનપા આવા માર્શલોને સુરક્ષાની જવાબદારી સોંપશે !?**



■ સુરત મનપા દ્વારા તાજેતરમાં માર્શલોની ભરતી કરવામાં આવી છે. હાલમાં 270 માર્શલોના ઓર્ડર થતાં સામાન્ય સભાના દિવસે જ આ માર્શલો હાજર થવા આવ્યા હતા, વોચ એન્ડ વોર્ડ વિભાગમાં લેવાયેલા મોટા ભાગના માર્શલોમાં જરૂરી શિસ્ત દેખાઇ નહોતી અને મુગલીસરાઇના પાર્કિંગમાં કોઈની સાડાબારી રાખ્યા વગર લાંબા થઇને સૂતા-સૂતા ગપાટા મારતાં નજરે પડ્યાં હતા, દરમિયાન ચીફ સિક્યુરિટી ઓફિસરનું ધ્યાન દોરાતા તેમણે આ અંગે વોચ એન્ડ વોર્ડના અધિકારીને મોકલીને ઠપકો આપ્યો હતો તેમજ બધાને વોચ એન્ડ વોર્ડના ડિસિપ્લીન મુજબ વાળ-દાઢી, બુટના પ્રોટોકોલ અને મનપાના પરિસરમાં શીસ્તબધ્ધ રહેવા ચેતવણી અપાઇ હતી, દરમિયાન આ માર્શલોની ભરતી થતાં હવે વોચ એન્ડ વોર્ડમાં ફરજ બજાવતા ફાયરના 250થી વધુ જવાનોને તેમની મૂળ જગ્યાએ મુકવા ઓર્ડર કરાયો છે.

## રિક્ષામાં ગ્રાહકના સ્વાંગમાં બેઠેલાં ગઠિયાએ હીરા દલાલના 1.50 લાખના હીરા ચોરી લીધા

**રિક્ષામાં અજાણ્યાએ થુંકવાનું છે, કહીને આગળ પાછળ થવા કહીને હાથ મારી લીધો**

સુરતઃ પુણા વિસ્તારમાં રહેતા હીરા દલાલ ઘરેથી વરાછા હીરા બજારમાં હીરા વેચવા માટે રિક્ષામાં બેસીને નીકળ્યા હતા. દરમિયાન રિક્ષા ચાલક સહિત 3 ગઠિયાઓઓ હીરા દલાલની નજર ચૂકવી ખિસ્સામાં મુકેલા 1.50 લાખના હીરા ભરેલું પાકીટ ચોરી લીધું હતું.

કાપોદ્રા પોલીસ પાસે મળતી માહિતી મુજબ વરાછા ખાતે આયોધ્યા નગરીમાં રહેતા 66 વર્ષીય નાગજીભાઈ ભાણાભાઈ ગેલાણી વરાછા મીનીબજારમાં હીરા દલાલીનું કામ કરે છે. ગત 16મી તારીખે દિલીપભાઈ પાસે નાગજીભાઈએ હીરા વેચાણ માટે લીધા હતા. ગત 18મી તારીખે સવારે નાગજીભાઈ ઘરેથી હીરા લઈ વરાછા મીની બજારમાં હીરા વેચાણ માટે જતાં હતા. ત્યારે હીરા બાગ સર્કલ જવા રિક્ષામાં બેઠા હતા. રિક્ષામાં બે ગઠિયા પહેલાથી જ બેઠા હતા. એક ગઠિયાએ નાગજીભાઈને થુંકવાનું કહી આગળ પાછળ થવા કહ્યું હતું. અને તે સમયે નાગજીભાઈના બનિયનના ખિસ્સામાં રહેલા 1.50 લાખના હીરા ભરેલા પેકેટ ચોરી લીધા હતા. હીરા સર્કલ આવતા નાગજીભાઈ ઉતરી ગયા હતા. રિક્ષામાંથી ઉતરી ખીસ્સુ ચેક કરતાં હીરાનું પેકેટ ચોરી થયાની જાણ થઈ હતી. કાપોદ્રા પોલીસે ત્રણ અજાણ્યા સામે ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

**ક્રાઈમ સમાચાર**

### છાતીમાં દુખાવા બાદ યુવકનું મોત

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલ કર્મયોગી સોસાયટી-2માં 38 વર્ષીય રવીન્દ્રસિંગ અશોકભાઈ શિંદે પરિવાર સાથે રહેતો હતો. તે જરીખાતામાં કામ કરતો હતો. મંગળવારે સાંજે રવીન્દ્રસિંગ ઘરમાં હતો. તેને છાતીમાં દુખાવો થતાં નીચે ઢળી પડ્યો હતો. જેથી 108 એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ ખાતે ખસેડવામાં આવતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

### ઉધના-ભેસ્તાન રેલવે ટ્રેક પર ટ્રેનની અડફેટે યુવકનું મોત

સુરત : ઉધના-ભેસ્તાન રેલવે ટ્રેક પર ટ્રેનની અડફેટે આવતા યુવકનું મોત નિપજ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ ઉધના રામ કંપનીમાં 28 વર્ષીય નૌરેજ ઇસ્લામ શેખ રહેતો હતો. નૌરેજ ખાનગી કંપનીમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મંગળવારે સાંજે તે ઉધના-ભેસ્તાન રેલવે ટ્રેક ક્રોસ કરી રહ્યો હતો. તે સમયે રાજધાની ટ્રેનની અડફેટે આવી જતાં તેનું મોત નિપજ્યું હતું.

### વાલક પાટીયા બ્રિજ ઉપરથી યુવકે તાપી નદીમાં ઝંપલાવા મોતને વહાલું કરી લીધું

સુરત : બુધવારે સવારે વાલક પાટીયા ખાતેના આઉટર રિંગરોડ બ્રિજ ઉપરથી એક યુવકે તાપી નદીમાં ઝંપલાવીને મોતને વહાલું કરી લીધું હતું. ફાયરની ટીમે તાપી નદીમાં તેની શોધખોળ કરતા છેક સાંજે તેની લાશ મળી આવી હતી. ફાયર સુત્રોએ જણાવ્યું હતું કે, એલએચ રોડ ખાતે જનતાનગરમાં રહેતા 19 વર્ષિય કેવલ વઘાસીયા સવારે 10:00 કલાકે તાપી નદીમાં કુદી ગયો હતો. સવારે તેની લાશ ન મળતા ફાયરની ટીમ પરત ફરી ગઈ હતી. બાદમાં મોડી સાંજે તાપી નદીના વાલક ઓવારા પાસેથી તેની લાશ મળી આવી હતી.

**લોકોની જમીન, મકાન, દુકાન પચાવી પાડનારાઓ સામે કલેક્ટર અને પોલીસનો સપાટો**

# લેન્ડગ્રેબિંગના 17 ગુના નોંધાયા, 23ની ધરપકડ, 152 કરોડની મિલકત પરત સોંપાઈ

**ત્રણ મહિનામાં ૨૪૪માંથી ૨૩૨ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો : કલેક્ટર ડો.સૌરભ પારધી**



સુરતઃ શહેરમાં છેલ્લા ઘણાં સમયથી મકાન, દુકાન, જમીન અને પ્લોટ ઉપર કોઈક વ્યક્તિનો કબજો હોય તેવી અનેક ફરિયાદો પોલીસ અને કલેક્ટર સમક્ષ આવી હતી. જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત, જિલ્લા પોલીસ અધિક્ષક હિતેશ જોયસરની સંયુક્ત ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે શહેરમાં કુલ 17 અને ગ્રામ્યમાં 9 ફરિયાદ દાખલ કરી છે. અને કબજે થયેલી કુલ 152 કરોડની મિલકત પરત અપાવી છે.

લેન્ડ ગ્રેબરોની વિરૂદ્ધમાં સુરત શહેર પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં આવેલી લેન્ડ ગ્રેબીંગ અરજીઓ સામે એ.સી.પી.ઓ તથા પ્રાંત અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં લેન્ડ ગ્રેબીંગ એકટ મુજબ કુલ 17 ગુના દાખલ કરવામાં આવ્યા છે. આ 17 ગુનાઓમાં કુલ 29 આરોપીઓ પૈકી 23 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તમામ ગુનાઓની તપાસ એ.સી.પી. કક્ષાના અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહી છે. જ્યારે સુરત ગ્રામ્યમાં 8 એફ.આઈ.આર. દાખલ થઈ છે. સુરત શહેરની અંદાજીત કુલ 25 કરોડ તથા જિલ્લાની અંદાજીત 7 કરોડની મળી કુલ 32 કરોડની મિલકતો પરત સોંપવાની કાર્યવાહી ચાલુ છે. આ સિવાય કાયદાના ડરથી શહેરમાં ૨૯ તથા ગ્રામ્યમાં ૪૩ મળી કુલ ૭૨ ગેરકાયદેસર કબ્જાધારકોએ કબજાઓ પરત સોંપી દીધા છે. જે મિલકતોની કિંમત આશરે ૧૨૦ કરોડ જેટલી થાય છે. કુલ અંદાજીત કિંમત 152 કરોડની સંપતિ મુળ માલિકોને પરત આપવાની કાર્યવાહી કરવામાં આવી છે.

**ગુનો દાખલ થાય તે પહેલા સમજીને 43 લોકોએ કબજો છોડી દીધો**

જે-તે જમીન મિલકતોમાં ગેરકાયદેસર કબ્જો જમાવનારાઓને પોલીસ અને કલેક્ટર વિભાગ દ્વારા લેન્ડગ્રેબીંગ કાયદાનો ડર અને ગંભીરતા સમજાવવામાં આવી હતી. જેથી સુરત સિટીમાં 23 તથા ગ્રામ્યમાં 20 ગેરકાયદેસર કબ્જાધારકોએ પચાવેલી જમીન, ફ્લેટ, દુકાન અને મકાનોનો કબ્જો પરત સોંપી દીધો હતો. જ્યારે 163 અરજીઓ દફતરે કરવામાં આવી હતી. જયારે ૧૨ અરજીઓમાં સમિતી દ્વારા પુનઃતપાસના આદેશો સોંપવામાં આવ્યા છે.

**ક્યા પોલીસ સ્ટેશનમાં કેટલી ફરિયાદ નોંધાઈ**

શહેરના હજીરા પોલીસ સ્ટેશનમાં 3, અઠવામાં 2, અડાજણમાં 2, કાપોદ્રામાં 1, સરથાણા, સલાબતપુરા, ડિંડોલી, ઉમરા, ખટોદરા, પાંડેસરા, સચીન, રાંદેર અને જહાંગીરપુરામાં એક એક ફરિયાદ નોંધાઈ છે. જેમાં 5 જમીનની, 5 ફ્લેટની, 3 દુકાનની, 2 પ્લોટ અને 2 મકાનની ફરિયાદ છે.

**૨૪૪માંથી ૨૩૨ અરજીઓનો નિકાલ**

જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીએ જણાવ્યું હતું કે, લેન્ડગ્રેબીંગ એકટ સમિતિની 13 માર્ચ અને 5 તથા 23 જુલાઈએ બેઠકો મળી હતી. જેમાં 244 અરજીઓ મળી હતી. જેમાંથી યોગ્ય જણાય હોય તેવી શહેરમાં 17 અને ગ્રામ્ય વિસ્તારમાં 9 અરજીઓમાં લેન્ડગ્રેબીંગની ફરિયાદ દાખલ કરવા પોલીસને સૂચના આપી હતી. આગામી દિવસોમાં પણ લોકો નિર્ભય થઈને તેમની મિલકત સંદર્ભે આવો કોઈપણ ઇસ્યુ હોય તો તંત્રનો સંપર્ક કરે.

**કુલ ૨૯ આરોપીઓ પૈકી ૨૩ની ધરપકડ કરાઈ**

પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતએ જણાવ્યું હતું કે, લેન્ડ ગ્રેબીંગની અરજીઓની તપાસમાં 17 ગુના દાખલ કરાયા છે. જેમાં કુલ ૨૯ આરોપીઓ પૈકી ૨૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. અને લોકોને તેમની પચાવી પાડેલી મિલકતો પરત સોંપવામાં આવી છે.

**અત્યાર સુધી 1200 અરજીનો નિકાલ કરાયો**

ગુજરાત જમીન પચાવી પાડવા પર અધિનિયમ-૨૦૨૦ અંતર્ગત કાયદો અમલમાં આવ્યો ત્યારથી આજદિન સુધીમાં સુરત શહેર તથા જિલ્લામાં કુલ ૧૫૯૫ અરજીઓ મળી હતી. જે પૈકી ૧૨૦૦ નિકાલ તથા ૩૯૫ અરજીઓની વધુ તપાસ કરવામાં આવી રહી છે. જેમાં ૬૫ ગ્રામ્યમાં તથા ૬૭ સુરત સિટીમાં મળી કુલ ૧૩૨ એફ.આઈ.આર. દાખલ કરવામાં આવી છે.